## હરિની દષ્ટિ...

- હરિન ભટ્ટ



બાપા, જમાના પ્રમાણે આપણે બદલાવુ પડશે... અત્યારે શિક્ષકો આપણાં ધંધામાં આવવા માંગે છે... આપણે તે લોકોને ટ્રેનિંગ આપવાનું કામ કરવા જેવું છે.. ખબર છે ને શિક્ષણનાં ધંધામાં જ કમાણી છે...!!

# સરગાસણ ઘોડાના તબેલામાંથી ગેરકાયદે હથિયાર સાથે બે યુવકો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીક સરગાસણ ગામની સીમમાં આવેલા ઘોડાના તબેલામાંથી બે યુવકોને ગેરકાયદે હથીયાર સાથે એલસીબી પોલીસે દબોચી લીધો હતો. એલસીબી પોલીસે રિવોલ્વર, એરગન અને સ્ટાટર ગન તેમજ રૂ.૨૦ હજારના બે મોબાઈલ ફોન કબ્જે કરી બંન્ને સામે આર્મસ એકટ હેઠળ ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.રાઠોડ જવાનો સાથે પેટ્રોલીંગમાં હતા તે સમયે ગેરકાયદે હથીયારો અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે સરગાસણ ગામની સીમમાં ઓવાલ ઘોડાના તબેલા ખાતે રેઈડ પાડી હતી. જયાં વિશાલસિંહ ઉર્ફે પીન્ટું ઈન્દ્રજીત રાણા (રહે.અલુવા) તેમજ રીઝવાન ઉર્ફે રીજજુ કમરૂદિન શેખ (ઉં.૨૪, સેકટર-૪ એ , પ્લોટ નં.૧૬૨-૧)મળી આવ્યા હતા. વિશાલ પાસે કોથળીમાં મુકેલી દેશી રિવોલ્વર અને એક એરગન મળી આવ્યા હતા. જેથી બનાવ અંગે પુછતા તે યુવકે તેના દાદાના સમયની રિવોલ્વર હોવાનું જણાવ્યું હતું. જયારે એરગન ત્રણ વર્ષ પહેલા ચોટીલા ખાતેથી લાવ્યા હતા. જયારે રીઝવાન શેખની અંગજડતી દરમિયાન રિવોલ્વર જેવી સ્ટાર્ટર ગન મળી આવી હતી. જે અંગે પુછતા અઢી -ત્રણ વર્ષ પહેલા રાજકોટથી લાવ્યો હોવાનું કહ્યું હતું. જેને અનુલક્ષી એલસીબી પોલીસે રૂ.૨ હજારની રિવોલ્વર, રૂ.૧ હજારની એરગન અને રૂ.૧૫ હજારની સ્ટાટર ગન તેમજ રૂ.૨૦ હજારની બે મોબાઈલ ફોન કબ્જે લઈને બંન્ને સામે આર્મસ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે



રીઝવાન શેખ સામે ભુતકાળમાં પણ ગંભીર ગુનો નોંધાયેલ છે. જયારે તેના પિતા કમરૂદિન નાથુમીયા શેખ (અડાલજ ગામ) અગાઉ ભુમાફિયાગીરી તેમજ હત્યા જેવા ગુનામાં પકડાયેલ છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકામાં આજે સવારના ૬ થી સાંજના ૬ સુધીમાં ૧૩ મી.મી. વરસાદ નોંધાયો છે. સાંજે ૪ થી ૬ના બે કલાકના ગાળામાં માણસામાં ૧ ઈંચથી પણ વધુ વરસાદ નોંધાયો છે.
- ગાંધીનગર શહેરમાં આજે સેક્ટરોમાં છુટોછવાયો વરસાદ થયો હતો.
- ૨૪૯૭ પેયજળ પ્રોજેક્ટના ઈ. ખાતવિધિ સમારોહના સ્થળે આજે સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવાની સાથે સેનીટાઈઝરની પણ ખાસ વ્યવસ્થા તંત્ર દ્વારા કરાઈ હતી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી અંગે ભાજપની જૂથબંધી સ્પષ્ટ બહાર બની આવી હતી અને સંગઠ્ઠન તેમજ ચૂંટાયેલી પાંખના ભાગલાઓ દેખાતા હતા જે નગરજનોમાં ચર્ચાનો મુદ્દો બન્યા હતા.
- માણસા ખાતે આજે એક જ દિવસમાં બે સરકારી કાર્યક્રમોનું આયોજન કરાતાં તંત્ર આખો દિવસ માણસા ખાતે જ વ્યસ્ત રહ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં વરસાદી પાણી ભરાઈ રહેતા મચ્છરોની ઉત્પત્તિને લઈ લોકોમાં ભયની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિની ચૂંટણીમાં ગાંધીનગરના ૭ જેટલા સાહિત્યકારોએ પણ ઝંપલાવ્યુ છે.

# જિલ્લા મેલેરિયા તંત્રની ટીમે ૨૫ હજારનો દંડ વસુલ્યો

### ૧૨ કન્સ્ટ્રક્શન સાઈટોને નોટીસ ફટકારી : ૨૭૨ કન્સ્ટ્રક્શન સાઈટ પર તંત્રની ટીમોએ તપાસ કરી ૨૦૪ જગ્યાએથી મચ્છરોના બ્રિડીંગ શોધી કાઢ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાની જુદી જુદી કન્સ્ટ્રક્શન સાઈટ અને અન્ય એકમોની ચકાસણી દરમ્યાન જિલ્લાની મેલેરિયાતંત્રની ટીમોએ



આજે રૂ. ૨૫૧૦૦નો દંડ વસુલ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં મેલેરિયાતંત્રએ રૂ. એક લાખ જેટલો દંડ ફટકારી વાહકજન્ય રોગચાળાની સ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે અત્યારથી જ લાલ આંખ કરી છે.

તંત્રની યાદીમાં જણાવ્યા મુજબ આજે સર્વેલન્સ દરમ્યાન જિલ્લાની ૨૭૨ કન્સ્ટ્રક્શન સાઈટની મુલાકાત લઈ અને ૮૬૭૭ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરાઈ હતી. જેમાં ૨૦૪ જગ્યાએ મચ્છરોના પોરા જોવા મળ્યા હતા.

આ ચકાસણી દરમ્યાન ૧૨ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટ પર ભારે બ્રિડીંગ મળી આવતાં તંત્રની ટીમો દ્વારા નોટીસ પણ આપવામાં આવી છે. તંત્રની ટીમોએ આજે એન્ટી લારવેલ તેમજ સોર્સ રિડક્શનની કામગીરી કરી હતી.

ગાંધીનગર તાલુકાની ૧૮૭ સાઈટોની તંત્રની ટીમે તપાસ હાથ ધરી હતી. જેમાં ૭૩૭૬ સંભવિત ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરતાં ૧૩૭ જગ્યાએ મચ્છરોના પોરા મળી આવ્યા હતા. તંત્રની ટીમો દ્વારા પાંચ જેટલી કન્સ્ટ્રક્શનસાઈટ પર મચ્છરોના બ્રિડીંગ ભારે જણાતાં આ સંચાલકોને નોટીસો આપવામાં આવી છે.

દહેગામ તાલુકાની ૨૩ કન્સ્ટ્રક્શન સાઈટના ૧૬૯ જેટલા સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરાઈ હતી જેમાં ૮ જગ્યાએ બ્રિડીંગ મળ્યા હતા. તંત્રની ટીમોએ ૧ કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકને ભારે બ્રિડીંગ જણાતાં નોટીસ ફટકારી છે.

કલોલ તાલુકાની ૪૯ કન્સ્ટ્રક્શન સાઈટો પર તંત્રની ટીમો ત્રાટકી હતી અને ૧૦૨૬ જેટલા સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરી હતી. જેમાં ૧૫ સ્થાનો પર મચ્છરના પોરા મળી આવ્યા હતા. તંત્રની ટીમોએ એ કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકોને નોટીસ ફટકારી છે.

માણસા તાલુકાની ૧૩ કન્સ્ટ્રક્શન સાઈટોના ૧૦૬ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરાઈ હતી જેમાં ૮ જગ્યાએ પોરા જોવા મળ્યા હતા.

તંત્ર દ્વારા બીજા રાઉન્ડના સર્વેલન્સની કામગીરી પણ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે.



તંત્ર દ્વારા આ વખતે પ્રારંભથી જ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આજે પણ ૧૨ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટને નોટીસ અપાતાં બિલ્ડર લોબીમાં ફફડાટ વ્યાપેલો જોવા મળી રહ્યો છે.



શ્રાધ્ધપક્ષમાં સર્વ પિતૃ અમાસનું અનોખું મહત્વ છે. શ્રાધ્ધ પક્ષનો આ છેલ્લો દિવસ છે. આ દિવસે સર્વે પિતૃઓનું તર્પણ એક સાથે કરવામાં આવે છે અને તેમની સદ્‌ગતિ માટે પ્રાર્થના કરવામાં આવે છે. પંચદેવ મંદિર, સેકટર-૨૨ અને પંચમુખી હનુમાન મંદિર, સેકટર-૫ ખાતે સર્વ પિતૃ અમાવસ્યાની વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ધો-૧૦ પુરક પરીક્ષાના પ્રમાણપત્રોનુ ૨૧મીએ કરાશે

ગાંધીનગર, તા ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓગષ્ટ ૨૦૨૦માં લેવાયેલી ધો -૧૦ની પુરક પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા ઉમેદવારોના ગુણપત્રક તા ૧૮ સપ્ટેમ્બરના રોજ જિલ્લા કક્ષાએ પહોંચતા કરવામાં આવશે. જયારે શહેરમાં આ જિલ્લા કચેરી દ્વારા વિતરણ વ્યવસ્થા તા ૨૧ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવશે. પરિણામ તેમજ પ્રમાણપત્રોના વિતરણ અંગેની જાણ જિલ્લા કક્ષાએથી કરવામાં આવશે. પુરક પરિક્ષાના પરિણામ બાદ જે વિદ્યાર્થીઓ ગુણચકાસણી કરાવવા ઈચ્છતા હોય તેઓએ બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવતી સુચનાઓનો અભ્યાસ કરીને જરૂરી ફી ભરીને આગામી સાત દિવસમાં પોસ્ટથી અરજી કરવાની રહેશે તેમ પણ બોર્ડના સચિવ ડી એસ પટેલે જણાંવ્યુ છે.

## વાવોલ ફાટક પાસેથી બે શકુની ઝડપાયા : બે ફરાર

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર પાસે આવેલા વાવોલ ગામના ફાટક પાસે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે તેવી બાતમી પોલીસને મળી હતી. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જેમાં પોલીસને જોઈ બે જુગારી ભાગી જવામાં સફળ રહ્યા હતા.જયારે હરી સુનિલ ઠાકોર અને રમેશ કેશા રાવળ પોલીસના હાથે પકડાઈ ગયા હતા. જયારે લાલભાઈ ચતુર દંતાણી અને અરવિંદ પ્રહલાદ દંતાણી ફરાર છે. પોલીસને દાવ પરથી રોકડા રૂ. ૧૨૫૦ તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૨૭૫૦ મળી કુલ રૂ.૪૦૦૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વિધવા સહાય માટે ૨૫મી સુધીમાં રજુઆત કરવી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર તાલુકામાં સમાવિષ્ટ ૮૦ ગામોમાં “ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના (વિધવા સહાય)’ અંતર્ગત જે વિધવા લાભાર્થીઓની સહાય મંજુર થયેલ હોય પરંતુ કોઈ સંજોગોવસાત અત્રેની કચેરીએ સહાય મંજુર થયા બાદ પોસ્ટ ઓફીસ ખાતાની નકલ, તથા આધારકાર્ડ તથા મંજુરી હુકમની નકલ અત્રે જમા કરાવી શકેલ નથી અને એકપણ વાર સહાય મળેલ નથી તેવા લાભાર્થીઓએ તા. ૨૪ સપ્ટેમ્બર સુધીમાં કચેરીના કામકાજના દિવસોમાં કચેરી સમય દરમ્યાન વિધવા સહાય મંજુરી હુકમની નકલ, આધારકાર્ડની નકલ અને પોસ્ટઓફિસ કે બેંકના ખાતાની નકલ, પુનઃ લગ્ન નથી કર્યા તે અંગેનો તલાટીનો દાખલો અસલ તથા એક ઝેરોક્ષ નકલ સાથે ગાંધીનગર મામલતદાર કચેરીની એટીવીટી શાખામાં જમા કરાવવા જણાવવામાં આવે છે.



ઘ-૪ સર્કલે અંડરપાસ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ઘ માર્ગના વાહન વ્યવહારને ડાયવર્ટ કરવામાં આવ્યો છે. વાહનચાલકોને તકલીફ ન પડે તે માટે ટ્રાફિક પોલીસ દ્વારા કામચલાઉ વ્યવસ્થા અંગે એનાઉન્સમેન્ટ કરવાની કામગીરી થઈ રહી છે જેથી ટ્રાફિક સંચાલનમાં સરળતા રહે.

# કુડાસણ ગ્રીનપાર્ક સોસાયટીમાં ચાર મકાનના તાળા તુટ્યા

### ઘરફોડ ચોરીના વધી રહેલા કિસ્સાને પગલે નાગરીકોમાં ભય, રાત્રી પોલીસ પેટ્રોલીંગ વધારવા રહીશોની માંગ

ગાંધીનગર, તા.૧૭

શહેરમાં તસ્કરો હાહાકાર મચાવી રહ્યા છે. બંધ મકાનોને નિશાન બનાવી બિન્દાસ્ત કામ પાર પાડી રફુચક્કર થઈ જાય છે. ત્યારે સેકટરોને છોડીને હવે ન્યું ગાંધીનગરને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. ન્યું કુડાસણ વિસ્તારમાં ગતરાત્રીએ આવેલી ગ્રીનપાર્ક સોસાયટીના એક સાથે ચાર મકાનના તાળા તુટ્યા છે. ચાર વાગ્યાના અરસામાં ખખડાટ થતા સ્થાનિક વસાહતીઓ જાગી જતા અને હોહા થતા તસ્કરો ભાગી ગયા હતા. જયારે મકાનમાં રહેતા નાગરીકો બહારગામ હોવાથી કેટલી ચીજવસ્તુઓની ચોરી થઈ છે તે ઘરમાલિકો આવે પછી ખબર પડી શકે છે. જયારે નાગરીકોના દાવા પ્રમાણે ઈન્ફોસીટી પોલીસને જાણ કરી હતી છતા કોઈ આવ્યું ન હતું. ત્યારબાદ નાગરીકોએ કંટ્રોલરૂમને ફોન કરીને જાણ કરી હતી. જો કે વસંત વિહાર સોસાયટીમાં પણ તસ્કરો રાત્રીના સમયે હાથમાં ધોકા જેવા હથીયાર સાથે ટોળકી આવી હતી. પરંતુ ટોળકી સીસીટીવી ફુટેજમાં આવી ગઈ છે. જો કે વસંત વિહારમાંથી ચોરી થવા પામી ન હતી. ઘરફોડ ચોરીના વધી રહેલા કિસ્સાને પગલે સ્થાનિક નાગરીકોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહયો છે.ત્યારે ન્યું ગાંધીનગર વિસ્તારમાં રાત્રી પેટ્રોલીંગ વધારવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.




**વડાપ્રધાનના જન્મદિવસે સે-૨૪માં અંબાજી મંદિરે વૈદિક હવન યોજાયો**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે ગાંધીનગરમાં દિવસભર વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. શહેરના સેક્ટર-૨૪ ખાતે શ્રીનગર વસાહતમાં અંબાજી માતાના મંદિરે રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ ટ્રેનર તરીકે પસંદગી પામેલા ગિરીશ આર્ય દ્વારા વૈદિક હવન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ હવનમાં મંદિરના ટ્રસ્ટી વિષ્ણુભાઈ મિસ્ત્રી, પૂજારી શંકરભાઈ ત્રિવેદી ઉપરાંત સ્થાનિક વસાહતીઓ વિજયસિંહ માજીરાણા, જગદીશભાઈ શ્રીમાળી, કુ. ક્રિષ્ના આર્ય, જય સાકરીયા સહિત અન્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મૃત્યુંજય મહામંત્રના ૧૦૮ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ઘ આયુષ્ય માટે તેમજ વર્તમાન કોરોના મહામારી સામે રક્ષણ મેળવવા માટે પૂજા, પ્રાર્થના કરવામાં આવી હતી.

## ઉદ્યોગ ભવનના ગેટ પાસેથી એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના હાર્દસમા વિસ્તારમાં આવેલા ઉદ્યોગભવનના ગેટ પાસેથી અમદાવાદ યુવકનું એકટીવાની ચોરી થઈ છે. મળતી માહિતી મુજબ અમદાવાદ રાણીપ નર્મદાનગર સોસાયટી મકાન નં.૩૨ ખાતે રહેતા પરિક્ષિત જોઈતાભાઈ પટેલ (ઉં.૩૬) ટ્રેડબુલ સિક્યુરીટી પ્રા.લિ.ખાતે માર્કેટીંગ મેનેજર તરીકે છેલ્લા ૧૦ વર્ષથી કામ કરે છે.

જેથી અમદાવાદ ગાંધીનગર કામ હોવાથી આવતા જતા રહે છે. ત્યારે ગત તા. ૧૪ ના રોજ અમદાવાદથી કામઅર્થે ગાંધીનગર ઉદ્યોગભવન પોતાનું એકટીવા નં. જી.જે.૧૮. સી.એચ.-૯૯૧૦ લઈને આવ્યો હતો. ઉદ્યોગભવનની સામે સ્વર્ણીમ પાર્ક પાસે યુવકે એકટીવા પાર્ક કરીને ગયો હતો.

બપોરના સુમારે ગયેલ યુવક કામ પતાવીને ૩.૩૦ વાગ્યામાં આવી જતા જોયુ તો પાર્ક કરેલી જગ્યાએ એકટીવા ન હતું. જેથી યુવકે આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરી હોવા છતા એકટીવા મળી આવ્યું ન હતું. બનાવ અંગે યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસો એકટીવાની કિંમત રૂ.૨૦ હજાર ગણી ગુનો નોંધી વાહનચોરને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# અડાલજ હથીયાર ધારા હેઠળના ગુનામાં વધુ એક શખ્સની ધરપકડ

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલા અડાજલ સ્થિત હોટલ ક્રિતિકા ખાતે તાજેતરમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં મોટું જુગારધામ પોલીસે ઝડપી પાડ્યું હતું. જે તે સમયે હોટલ માલિક કુલદિપરાજ ગઢવી ઉર્ફે રાજભા ભાનુપ્રતાપ ગઢવી ( રહે.ગઢવી સોસાયટી નવરંગપુરા) પાસેથી દેશી બનાવટની રિવોલ્વર મળી આવી હતી. જેને અનુલક્ષી તેના સામે અડાલજ પોલીસ મથકે આર્મસ એકટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસને આરોપીએ સાત માસ પહેલા રાજસ્થાનના રણુજાથી રિવોલ્વર લાવ્યો હોવાનું જણાવ્યું હતું. જયારે ગાંધીનગર એસઓજીને આ તપાસ સોંપવામાં આવતા પોલીસે આરોપીની પુછપરછ કરતા આરોપીએ હથીયાર અમદાવાદ રાણીપ ખાતે રહેતા દાનબહાદુરસિંહ વિજયસિંહ બધેલે આપી હોવાનું જણાવ્યું હતું. જેથી એસઓજી પોલીસે દાનબહાદુરસિંહ બધેલને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



નગરના અગ્રણી કેતનભાઈ પટેલ અને તેમના સહયોગીઓ સતત સેવા કાર્યમાં જોડાયેલા છે. તેઓએ સેકટર-૨૮ ગાર્ડન ખાતે જરૂરીયાતમંદ વ્યકિતઓને કોરોના પ્રતિરોધક કીટનું વિતરણ કર્યું હતું.

## ગાંધીનગર યુવા કોંગ્રેસ દ્વારા નગરની વિવિધ કોલેજમાં સેનીટાઈઝર તથા માસ્કનું વિતરણ

યુવાનો કોરોના સામે લડી શકે તે ઉદ્દેશ્યથી ગાંધીનગર યુવા કોંગ્રેસ દ્વારા નગરની વિવિધ કોલેજોમાં સેનેટાઈઝર અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓને સાવચેતીના પગલા લઈ અને કોરોનાને મ્હાત આપવા યુવા કોંગ્રેસ દ્વારા જણાવાયું હતું. આ કાર્યક્રમમાં યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ મિતેષસિંહ બિહોલા, યશરાજસિંહ બિહોલા, કિરીટસિંહ રાણા, કર્મજીતસિંહ વાઘેલા, યશ પટેલ, રૂત્વિકસિંહ ડાભી તથા યશરાજસિંહ ચાવડા હાજર રહ્યા હતા.

# ચંદ્રાલા સીમમાંથી પાંચ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૭

ચંદ્રાલા ગામની સીમમાં ભૈરૂનાથ ઢાબા પાછળ ઢેબરીયા તળાવ નજીક બાજી માંડીને બેઠેલા પાંચ શકુનીઓ ચિલોડા પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે શકુનીઓ પાસેથી દાવ પરની રોકડ, મોબાઈલ, બાઈક અને રીક્ષા મળીને કુલ રૂ. ૧,૫૭,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામા સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ચિલોડા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે ચંદ્રાલા ગામની સીમમાં ભૈરૂનાથ ઢાબા પાછળ ઢેબરીયા તળાવ નજીક કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે રેઈડ પાડીને જુગાર રમી રહેલા ગૌરાંગ પ્રકાશ પટેલ, મુકેશ ભલાજી મકવાણા, ભલાજી ઉદાજી પરમાર, મનહર ભીખીા બાઈ શેનવા અને શૈલેષ બીપીન શેનવાને પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી અને અંગજડતી દરમિયાન રોકડ રૂ. ૨૭,૮૦૦ તેમજ રૂ.૫ હજારના બે મોબાઈલ, રૂ.૨૫ હજારનું એક બાઈક અને રૂ.૧ લાખની કિંમતની સીએનજી રીક્ષા મળી કુલ રૂ. ૧,૫૭,૮૦૦ નો મુદ્દમાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**Indian Institute of Teacher Education**
(A State Public University established by Govt. of Gujarat)
Near KH-5, Kha Rd. Sector-15, Near Mahatma Mandir, Gandhinagar-382016

**ADMISSION NOTICE**
**B.A. (Education) & M.A. (Education)**
**For Academic Year 2020-21**

| અભ્યાસક્રમ | સમયગાળો | પ્રવેશ લાયકાત | માધ્યમ |
|---|---|---|---|
| બી.એ. (એજ્યુકેશન) | ૩ વર્ષ | ધોરણ-૧૨ | ગુજરાતી/ અંગ્રેજી |
| એમ.એ. (એજ્યુકેશન) | ૨ વર્ષ | કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક | |

**ઓનલાઈન અરજી www.iite.ac.in પર તા. ૧૮/૯/૨૦૨૦થી કરી શકાશે.**
હેલ્પડેસ્ક : ૯૭૨૬૬૩૩૦૯૯, ૯૭૨૬૬૩૧૮૧૦ ઈમેઈલ : onlineadmission@iite.ac.in
તા. ૧૬/૯/૨૦૨૦ — કુલસચિવ
માહિતી/૮૯૭/૨૦-૨૧ — આઈ.આઈ.ટી.ઈ.